''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

ભક્તિ વર્ધિની

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : પીયૂષ પરીખ

દ્વિતીય આવૃત્તિ : તા. ૩૦-૪-૨૦૧૪

પ્રત : ૨૦૦

ન્યોછાવર : રૂ. ૧૫/- + પોસ્ટેજ ખર્ચ

પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

(૧) આં. પુ. વૈ. પ. ભરૂચ
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત. ફોનઃ૨૪૫૦૭૪

(૨) શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : ૨૬૪૬૬૦

(૩) રાજેન્દ્રભાઈ મહેતા, બી-૫૯૦, અલકનંદાપાર્ક,
નારાયણવિદ્યાવિહાર પાસે, ભોલાવ, ભરૂચ. મો.: ૯૩૭૪૬૫૩૯૬૩

મુદ્રક : શ્રીજી ગ્રાફીક્સ
પ્રો. રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩

''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

ભક્તિ વર્ધિની

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

પ્રાક્કથન

આં.રા.પુ.વૈ. પરિષદ ભરૂચ શાખા દ્વારા પ્રકાશિત અને મારા દ્વારા લખાયેલ આ ચોથી પોકેટ પુસ્તિકા પ્રકાશિત થઈ રહી છે.

ભરૂચ પરિષદના યુવાનોમાં જોશ તો છે જ, શ્રીવલ્લભકૃપાથી હોશ પણ છે. તેથી યુવાનીના કેફમાં મદહોશ નથી થયા. આ યુવાનોની ભાવના રાકેશ મસાણી દ્વારા મને જાણવા મળી.

તેમને 'ભક્તિ વર્ધીની' ગ્રંથને સરળતાથી સમજવો હતો. આ રીતે શ્રી મહાપ્રભુજીએ જ મારા પર કૃપા કરી મારી ભક્તિના ભાવને દૃઢ કરવા ઈચ્છતા હોય તેવું મને લાગ્યું. આપશ્રીની કૃપાથી જ આ નામ સેવા સિદ્ધ થઈ છે.

જીવ સ્વભાવથી દોષો પણ આમાં હશે. સૌ મહાનુભાવો પાસે કરબદ્ધ થઈ ક્ષમા યાચું છું. શ્રીવલ્લભને પણ મારો આ પ્રયત્ન શ્રમસાધ્ય થયો હોય તો પણ કૃપા કરવા વિનંતી કરું છું.

પ.ભ. બ્રહ્મર્ષિ શ્રી કે.કા. શાસ્ત્રીજી અને પ.ભ. શ્રી રમેશભાઈ પરીખ આ મારી નામ સેવા માટે વ્હારે ધાયા છે. વંદન કરું છું તે બંનેને અને આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ.રા.પુ.વૈ. પરિષદના પ્રાણ સમાન પ.પૂ.ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ચરણ યુગલે આ નામ સેવા નિવેદિત કરું છું.

પીયૂષ પરીખના
સમસ્ત વલ્લભકૂળને દંડવત્ પ્રણામ
સમસ્ત વૈષ્ણવ સમાજને ભગવદ્સ્મરણ

અનુક્રમણિકા

ભક્તિવર્ધિની એટલે ૯

ગ્રંથ રચના ૧૧

ભક્તિવર્ધિની શ્લોક ૧૪

ભક્તિવર્ધિની શ્લોકાર્થ ૧૬

ભક્તિ વર્ધિની

એટલે....

ષોડશ ગ્રંથો પૈકીનો અગિયારમો ગ્રંથ.

શ્રીમહાપ્રભુજીનો દક્ષિણ ઉરુ (જમણો સાથળ).

અગિયાર શ્લોકોનો ગ્રંથ.

અગિયાર ઈન્દ્રિયોને ભગવદ્ગામી બનાવતો ગ્રંથ.

ભગવદ્ શાસ્ત્રોનો નિચોડ જેમાં છે તેવો ગ્રંથ.

ભગવદ્ ભક્તિ વધારનારો ગ્રંથ.

સંવત ૧૫૫૧-૫૨ના અરસામાં લખાયેલ ગ્રંથ.

૧૪ ટીકા સાહિત્યવાળો ગ્રંથ.

ટીકા સાહિત્ય (૧) શ્રી બાલકૃષ્ણજી કૃત વિવૃત્તિ (૨) શ્રી ગોકુલનાથજી કૃત વિવૃત્તિ (૩) શ્રી રઘુનાથજી કૃત વિવૃત્તિ (૪) શ્રી કલ્યાણરાયજી કૃત વિવૃત્તિ (૫) શ્રી હરિરાયજી કૃત વિવૃત્તિ (૬) શ્રી

ગોપેશ્વરજી કૃત વિવૃત્તિ (૭) શ્રી પુરુષોત્તમજી કૃત વિવૃત્તિ (૮) શ્રી કાકા વલ્લભજી કૃત વિવૃત્તિ (૯) શ્રી ગોપેશજી કૃત વિવૃત્તિ (૧૦) શ્રી દ્વારકેશજી કૃત પ્રકાશ (૧૧) શ્રી ગિરધરજી કૃત વિવૃત્તિ (૧૨) શ્રી જયગોપાલ ભટ્ટ કૃત ટીકા (૧૩) શ્રી લલ્લુ ભટ્ટ કૃત વિવૃત્તિ (૧૪) અનામી કૃત વિવૃત્તિ

ગુજરાતમાં વડાલીની ભૂમિ પર લખાયેલ ગ્રંથ.

ગ્રંથ રચના

શ્રી મહાપ્રભુજી દૈવી જીવોના ઉદ્ધાર માટે પરિક્રમાને વ્યાજ ગુજરાતમાં પધાર્યા છે. ગુજરાતનો સાબરકાંઠા જીલ્લો, તેમાં મુખ્ય નગર ઈડર, તેની પાસે એક નાનું ગામ, વડાલી તેનું નામ.

ગામમાં એક સાંચોરા બ્રાહ્મણ રહે છે. તેમનું નામ પુરુષોત્તમ જોષી છે. ત્રિકાળ સંધ્યાની ઉપાસના કરે છે. તે માટે તળાવે રોજ જાય. આ તળાવ ગામના પાદરે છે.

એક દિવસ મધ્યાહન સંધ્યા માટે પુરુષોત્તમ જોષી તળાવે પહોંચે છે. ભગવદ્ ઈચ્છા એવી છે કે તે વતે શ્રીમહાપ્રભુજી પણ સમાજ સહિત ત્યાં પધારે છે. આપશ્રીના દર્શન પુરુષોત્તમ જોષી દૂરથી કરે છે. જોષીજીને શ્રીમહાપ્રભુજીમાં દિવ્યતાના દર્શન થઈ રહ્યા છે. શ્રીમહાપ્રભુજીને જોષીજીમાં શુદ્ધ પુષ્ટિજીવની ઓળખ થઈ રહી છે.

પુરુષોત્તમ જોષી કર્મકાંડી છે. અડધી જીંદગી તેમાં પચી મર્યા છે પણ સંતોષ નથી. કંઈક પૂછવું છે. કોઈ તે

માટે મળતું નથી. આજે જાણે કે સમાધાન દેનાર મળી ગયા. જોષીજી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. દીનતાથી મનનો સંદેહ દૂર કરવા પૂછ્યું, ''મહારાજ કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો ?'' આશ્ચર્ય છે કે ભક્તિમાર્ગ વિશે કંઈ પૂછ્યું નથી.

શ્રીમહાપ્રભુજી તો એ આજ્ઞા કરે છે કે બધા ધર્મોનો સમન્વય પણ પ્રભુને સર્વાંગ વર્ણવી શકતો નથી. આથી જ સર્વધર્મ સમભાવવાળા શ્રીવલ્લભ સંશય દૂર કરતાં કહે છે કે જેને જે માર્ગ મનમાં વસે તે તેના માટે સારો પણ મારી દૃષ્ટિએ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

આગળ જોયું કે જોષીજીને ભક્તિમાર્ગની જાણ જ નથી આથી તેઓને આશ્ચર્ય થયું. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, ''મહારાજ ! હું ભક્તિમાર્ગ વિષે અજ્ઞાની છું. આપ મને સેવક કરો અને ભક્તિમાર્ગનું દાન કરવા અનુગ્રહ કરો.''

શ્રી મહાપ્રભુજીએ જોષીજીને તળાવમાં સ્નાન કરાવ્યું. બ્રહ્મસંબંધની દીક્ષા આપી અને ત્યાંજ 'ભક્તિ

વર્ધિની' ગ્રંથ રચ્યો અને શીખવ્યો. જોષીજીના ઘરમાં પરાપૂર્વથી બિરાજતું શ્રી શ્યામસુંદરનું સ્વરૂપ હતું. શ્રીવલ્લભે તેને સેવ્ય કર્યું. જોષીજીને સેવાનો પ્રકાર શીખવ્યો.

શ્રીપુરુતોત્તમ જોષી થોડા સમય બાદ ગામ છોડી દ્વારકા જાય છે. પ્રભુ સેવાના ક્રમ સાથે ભક્તિવર્ધિનીનું સતત રટણ ચાલુ છે. શ્રીવલ્લભની કૃપાથી શ્રીપુરુષોત્તમ જોષીને પ્રભુ હવે સાનુભવ જતાવવા લાગે છે.

શ્રીભાગવતજી પ્રમાણે ભક્તિ દ્રવિડ દેશમાં જન્મી, ગુજરાતમાં ઘરડી થઈ પણ આ તો મર્યાદા ભક્તિ છે.

અષ્ટ સખાની વાણી પ્રમાણે ''ભક્તિ શ્રીગોકુલતેં પ્રગટ ભઈ'' આ પુષ્ટિ ભક્તિ છે.

પુષ્ટિ ભક્તિની વૃદ્ધિ શ્રીપુરુષોત્તમ જોષીના મિષથી અને શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી ગુજરાતમાં છે.

આ જ આપણું સર્વનું ગૌરવ છે. દંડવત્ પ્રણામ ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ અને સ્વ (સ્વકીયોની) કીર્તિ વર્ધનઃ શ્રીમહાપ્રભુજીને.

ભક્તિ વર્ધિની

(છન્દ અનુષ્ટુપ્)

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્, તથો પાયો નિરુ પ્યતે ।
બીજ ભાવે દૃઢે તુ સ્યાત્, ત્યાગા ચ્છ્રવણ કીર્તનાત્ ।।૧।।

બીજ દાઢર્ય પ્રકારસ્તુ, ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં, પૂજયા શ્રવણાદિભિઃ ।।૨।।

વ્યાવૃત્તોપિ હરૌ ચિતં, શ્રવણાદૌ યતેત્ સદા ।
તતઃ પ્રેમ તથા સક્તિ - ર્વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।

બીજં તદુ ચ્યતે શાસ્ત્રે, દૃઢં યન્નાપિનશ્યતિ ।
સ્નેહાદ્રાગ વિનાશઃસ્યા-દાસ કત્યાસ્યાદ્ ગૃહારુચિ ।।૪।।

ગૃહ સ્થાનાં બાધ કત્વ-મના ત્વત્વં ચ ભસાતે ।
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે, કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।

તાદૃશા સ્યાપિસતતં, ગૃહ સ્થાનં વિના શકમ્ ।
ત્યાગં કૃત્વા યતે દ્યસ્તુ, તદ ર્થાથૈક માનસઃ ।।૬।।

લભાતે સુદૃઢાં ભક્તિં, સર્વતો પ્યધિકાં પરામ્ ।
ત્યાગે બાધક ભૂયસ્તવં, દુઃસં સર્ગાત્ તથાન્નતઃ ।।૭।।

અતઃ સ્થેયં હરિ સ્થાને, તદીયૈઃ સહ તત્પરૈઃ ।
અદૂરે વિપ્ર કર્ષે વા, યછા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।

સેવા યાં વા કથા યાં વા, યસ્યા સક્તિ ર્દઢાભવેત્ ।
યાવ જ્જીવં તસ્ય નાશો, ન ક્વા પીતિ મતિ ર્મમ ।।૯।।

બાધ સમ્ભાવનાં યાં તુ, નૈકાન્તે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં, કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।

ઇત્યેવં ભગવ ચ્છાસ્ત્રં, ગૂઢ તત્ત્વં નિરૂ પિતમ્ ।
ય એતત્ સમધીયીત, તસ્યા પિસ્યાદ્ ર્દઢારતિઃ ।।૧૧।।

ભક્તિવર્ધિની

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્, તથો પાયો નિરૂ પ્યતે ।
બીજ ભાવે દૃઢે તુ સ્યાત્, ત્યાગા ચ્છ્રવણ કીર્તનાત્ ।।૧।।

અર્થ : જે રીતે ભક્તિ અત્યંત વૃદ્ધિ પામેલી થાય તેવી રીતનો ઉપાય નિરૂપિત કરવામાં આવે છે. બીજ રૂપી ભાવ દૃઢ થાય ત્યારે ત્યાગ કરવાથી અને એ પછી શ્રવણ સહિત કીર્તન કરવાથી ભક્તિ વૃદ્ધિ પામેલી થાય.

વિવેચન : ભક્તિ એટલે શું ? પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થાય, તે પછી પ્રભુમાં સર્વથી અધિક અને અત્યંત દૃઢ પ્રેમ થાય. આવા પ્રેમ સહિત પ્રભુની સેવા કરવી એટલે ભક્તિ.

ભક્તિની વૃદ્ધિ માટે શ્રીમહાપ્રભુજી ઉપાય બતાવે છે. આ ઉપાય એ શુદ્ધ પુષ્ટિમાર્ગીય સાધનો છે.

બીજરૂપી ભાવ એટલે શ્રીપ્રભુના અનુગ્રહથી થયેલો પ્રેમ. પુષ્ટિસ્થ જીવોમાં પ્રભુએ તે પહેલેથી જ રોપ્યો છે.

આ પ્રેમ દૃઢ અચલ થાય ત્યારે સર્વનો પરિત્યાગ

થાય. તેમાં વાસના પણ ન રહે. ત્યાર બાદ પ્રભુનાં ગુણ અને લીલાનું શ્રવણ સહિત કીર્તન થાય. આમ કરતાં ભક્તિ વૃદ્ધિ પામે.

શ્રી આચાર્યજીના અનુગ્રહથી પુષ્ટિસ્થ જીવનું પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે ભગવાન સમક્ષ નિવેદન થાય છે. પ્રભુ તે જીવનો અંગીકાર કરે છે. (આ બીજભાવનું સ્વરૂપ છે). ત્યાર બાદ નિરંતર પ્રભુ પરાયણ બની પુષ્ટિસ્થ પ્રભુની સેવા કરીને માર્ગમાં રહીએ. આ થયું બીજનું દૃઢપણું.

બીજ દૃઢ કરવાના ત્રણ સાધનો છે - **(૧) ત્યાગ :** પુષ્ટિમાર્ગનાં સાધનો સિવાયના બધા જ સાધનોનો પરિત્યાગ કરવો. તેમાં વાસના પણ ન રાખવી તે. **(૨) શ્રવણ :** પુષ્ટિસ્થ પ્રભુનાં સ્વરૂપ, ગુણ અને લીલીઓને સાંભળવી. **(૩) કીર્તન :** સાંભળેલ પ્રભુનું ચિંતન કરવું, સ્મરણ કરવું, પછી ગાન કરવું.

બીજ દાઢર્ય પ્રકારસ્તુ, ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં, પૂજયા શ્રવણાદિભિઃ ।।૨।।

અર્થ : બીજની દૃઢતાનો પ્રકાર તો ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાના ધર્મથી નિવૃત્ત નહિ થઈને પૂજા વડે અને શ્રવણ, સ્મરણ અને કીર્તન વગેરે કરીને કૃષ્ણને જ ભજે.

વિવેચન : હીન અધિકારી ભક્તો માટે બીજની દૃઢતાનો પ્રકાર શ્રીઆચાર્યજી બતાવે છે. આવા જીવો એ ગૃહસ્થાશ્રમમાં રહેવું. સાથે વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરવું. આમ કરતાં સ્વરૂપનું સેવન કરવું. શ્રીઆચાર્યજી એ જે રીત સેવાની પ્રકટ કરી છે તે જ રીતે પ્રભુને સ્નાન, વસ્ત્ર, અલંકાર વગેરેથી સેવવા. શ્રી ભગાવત અનુસાર પ્રભુનાં શ્રવણ, સ્મરણ, કીર્તન કરવાં. આ રીતે શ્રીકૃષ્ણની જ સેવા કરવી.

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન આ નવધા નવ પ્રકારની ભક્તિ છે.

આ શ્લોકમાં પૂજા શબ્દ અર્ચન ભક્તિના પર્યાયમાં કહ્યો છે. મર્યાદા શાસ્ત્રોમાં જે પૂજા છે તે અહીં સમજવાની નથી.

શ્રી ભાગવતના દશમ સ્કન્ધના તમાસ પ્રમેય પ્રકરણમાં ''પૂજાં દધુર્વિરચિતા પ્રણયાવલૌકેઃ'' વાક્ય છે. અહીં હરિણીઓના ભાવનું વર્ણન છે. આ પ્રકારના ભાવથી શ્રીપ્રભુનું દર્શન અને સેવન તે પુષ્ટિમાર્ગીય પૂજા છે. આવું ભજન કરવું.

આ પ્રકારનું પૂજન વિશેષ કરીને ફળ સિદ્ધ કરે છે. તેથી પૂજ્યા પદ જુદું લખ્યું છે.

વ્યાવૃત્તોપિ હરૌ ચિતં, શ્રવણાદૌ યતેત્ સદા ।
તતઃ પ્રેમ તથા સક્તિ - ર્વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।
બીજં તદુ ચ્યતે શાસ્ત્રે, દૃઢં યન્નાપિનશ્યતિ ।૩$^{૧}/_{૨}$ ।

અર્થ : વર્ણાશ્રમ ધર્મનું પાલન ન થાય (વ્યવસાય કરતો હોય) તો પણ શ્રી ભગવાનમાં ચિત્ત રાખી શ્રવણ સ્મરણ અને કીર્તન વગેરે માટે નિરંતર યત્ન કરે.

એથી પ્રભુમાં સ્નેહ થાય તેમજ આસક્તિ અને પછી જ્યારે વ્યસન થાય ત્યારે એ શાસ્ત્રમાં દૃઢ - અચલ બીજ કહેવાય. આ દૃઢ બીજ લૌકિક વગેરેથી પણ નાશ પામતું નથી.

વિવેચન : ગૃહસ્થાશ્રમમાં રહી વર્ણ અને આશ્રમના ધર્મો પાળતાં પાળતાં સેવા ન થાય તો ? વ્યવસાય (ધંધો રોજગાર) છોડવા શક્ય ન હોય તો ? આ જીવો માટે શ્રીઆચાર્યજી સમજાવે છે કે વ્યવસાય કરતાં કરતાં પણ ચિત્ત શ્રી ભગવાનમાં રાખવું. ભગવાનના શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે ભક્તિ માટે પ્રયત્ન કરવો. આમ, કરવાથી પ્રભુમાં પ્રેમ થશે. સ્નેહનો અંકૂર ફુટશે. આ પ્રેમની પ્રથમ અવસ્થા થઈ. આ પ્રેમની અધિકતા થશે ત્યારે આસક્તિ થશે. પછી તો પ્રભુ વગર એક પળ પણ નહીં ચાલે. આ રીતે પ્રભુમાં વ્યસન થશે. શ્રી પ્રભુમાં આવું મન લાગે ત્યારે તે દૃઢ બીજ કહેવાય. લૌકિક કે દુઃસંગ પણ આ બીજનો નાશ કરી શકતા નથી.

અહીં જે શ્રવણાદી કહ્યું છે તે શ્રી ભાગવત દશમ સ્કંધની કહેલી રીત પ્રમાણે લેવું. નામ લીલાની સમાપ્તિમાં

શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે કે પ્રભુની બાળલીલાનાં નામોનો પાઠ કરતાં શ્રી કૃષ્ણમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રૌઢલીલાના નામોના પાઠ કરવાથી આસક્તિ થશે. રાજલીલાના નામોથી વ્યસન થશે.

ભક્તિ ઈચ્છનારે ત્રિવિધ નામાવલીનો પાઠ અવશ્ય કરવો.

વ્યસન એટલે પ્રભુ વિના એક ઘડી પણ રહી શકાય જ નહીં. તે અવસ્થા શ્રી ભાગવત દશમ સ્કંધમાં શ્રી ગોપીજનો માટે કહ્યું કે જેઓને પ્રભુવિના એક ક્ષણ માત્ર પણ સો યુગ જેટલી થાય છે. આવા ગોપીજનોને શ્રી ગોવિંદના દર્શનથી ઉત્તમ આનંદ થયો.

આવું વ્યસન થાય તો બીજ ભાવ દૃઢ કહેવાય. શ્રી દયારામ ભાઈ પ્રમાણે પ્રેમ, આસક્તિ, વ્યસન.

પ્રેમ - કહિયે પ્રેમનું લક્ષણ એહ
જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ
વિયોગ થાય ત્યારે તપ તન
ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન

આસક્તિ : એક વાર આખા દિવસમાં પણ મળ્યા વિના ન રહેવાય. જો ન મળે તો વિકળ થાય આસક્તિ એ કહેવાય.

વ્યસન : કહેવાયે વ્યસન, આવું જ્યારે થાય સામાસામી હૃદય વીંધાય.

સ્નેહાદ્રાગ વિનાશઃસ્યા-દાસ કત્યાસ્યાદ્ ગૃહારુચિ ।।૪।।
ગૃહ સ્થાનાં બાધ કત્વ-મના ત્મત્વં ચ ભાસતે ।
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે, કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।

અર્થ : સ્નેહથી બીજમાંની પ્રીતિનો નાશ થાય. આસક્તિથી ઘરમાં અરુચિ થાય. ઘરમાં રહેલ ચેતન અને અચેતન પદાર્થો બાધક લાગે. તેમાં અનાત્મ પણું લાગે અને જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ ચોક્કસ પણે સિદ્ધ અર્થ થાય છે.

વિવેચન : શ્રી ભગવાનના શ્રવણ વગેરે સાધનો સિવાયના બધા જ સાધનોમાંથી પ્રીતિ જતી રહે ત્યારે માનવું કે પ્રભુમાં સ્નેહ થયો.

ઘરમાં પ્રીતિ ન રહે. આનાથી ઘરમાં રહેલ ચેતન અને અચેતન પદાર્થો ભગવાનમાં બાધા કરતાં લાગે આવું થાય ત્યારે આસક્તિ થઈ કહેવાય.

પ્રેમ વધતાં આસક્તિ થઈ. આસક્તિ વધતાં વ્યસન થયું. આવું અતિશય પણું કૃષ્ણમાં થાય તે વ્યસન કહેવાય. આનાથી જીવની કૃતાર્થતા છે. ભગવ્નનો સાક્ષાત્ સંબંધ આ જ ફળરૂપ અર્થ છે. આ ફળ મળ્યું એટલે કૃતાર્થ કહેવાય.

તાદૃશ સ્યાપિસાતતાં, ગૃહ સ્થાનં વિના શકમ્ ।
ત્યાગં કૃત્વા યતે ઘસ્તુ, તદ ર્થાથૈક માનસઃ ।।૬।।
લભતે સુદૃઢાં ભક્તિં, સર્વતો પ્યધિકાં પરામ્ ।૬ ૧/૨।

અર્થ : ભગવદ્ ભાવવાળા (વ્યસનવાળા) ભક્તે પણ નિરંતર ઘરમાં રહેવું તે ભાવના નાશ કરાવનારું છે. માટે ગૃહાદિકનો પરિત્યાગ કરવો. પછી શ્રી પ્રભુમાં જ અંતઃકરણ રાખવું. આમ કરીને ભક્તિની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો. આવા પુરુષને અત્યંત દઢ અને ચાર પ્રકારની મુક્તિથી પણ અધિક ફળરૂપ ભક્તિ મળે છે.

વિવેચન : ભક્તિની સર્વોચ્ચ સ્થિતિએ વ્યસન દશા છે. આવો ભક્ત ઘરમાં કાયમ રહે તો તેની ભક્તિનો વિનાશ થાય છે. કારણ ઘરમાં બધા સભ્યો ભક્તની સમાન ભાવ વાળા હોતા નથી. આથી સમાન ભાવવાળાનો સત્સંગ રહેતો નથી. મન પાછું લૌકિકમાં આસક્ત બને. આવું ન થાય માટે વિરહના અનુભવ માટે ગૃહનો પરિત્યાગ કરવો. મન શ્રીપ્રભુમાં જ મેળવી દેવું. ભક્તિ વધારવા અધિકાર પ્રમાણે શ્રવણ વગેરે કરવાં. આમ કરતાં પરાભક્તિ મળે. તે મુક્તિથી પણ અધિક છે. આ જ ફળરૂપ ભક્તિ છે. આ ભક્તિમાં ભક્તનું મન નિર્ગુણ ભક્તિના ફળ એવા શ્રીકૃષ્ણામાં રમમાણ રહે છે.

ત્યાગે બાધક ભૂયસ્તવં, દુઃસંસર્ગાત્ તથાન્નતઃ ।।૭।।
અતઃ સ્થેયં હરિ સ્થાને, તદીયૈઃ સહ તત્પરૈઃ ।
અદૂરે વિપ્ર કર્ષે વા, યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।

અર્થ : ત્યાગ કરવામાં દુઃસંગ તેમ જ અણપ્રસાદી અન્નથી ઘણા પ્રતિબંધ આવે છે. આ હેતુ માટે પ્રભુમાં

તત્પર એવા ભક્તોની સાથે શ્રી હરિના સ્થળમાં રહેવું અથવા ભક્તોની નજીકમાં કે દૂરમાં પોતાનું અંતઃકરણ દુષિત ન થાય તે રીતે રહેવું.

વિવેચન : વ્યસન દશાએ જે પહોંચ્યા નથી તેમણે ઘરનો ત્યાગ ન કરવો. કારણ એ ત્યાગના સાચા સ્વરૂપને સમજતો નથી, દુઃસંગ માં ફસાય છે. પ્રભુને સમર્પિત કરેલ અન્નને ગ્રહણ કરી શકતો નથી કારણ પોષણ માટે આમ તેમ ભટકવું પડે છે. આનાથી ઘણા પ્રતિબંધો આવે છે. બહિર્મુખ થવાય છે. ભક્તિ નાશ પામે છે. બુદ્ધિ ભ્રષ્ટ થાય છે.

આવી પરિસ્થિતિમાં ભક્તિમાર્ગ અનુસાર પ્રભુની સેવાનો પ્રવાહ ચાલતો હોય તેવાં સ્થળોમાં રહેવું. આ સ્થળે પણ ભગવદ્ સેવા-કથામાં તત્પર ભક્તોની સાથે રહેવું.

પ્રભુની સેવાનું અભિમાન ન કરવું. ભગવદીયોને આપણાથી તુચ્છ ન ગણવા. આ રીતે અંતઃકરણ દોષ વગરનું રાખવું.

સેવા યાં વા કથા યાં વા, યસ્યાસક્તિ ર્દઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો, ન ક્વાપીતિ મતિ ર્મમ ।।૯।।

અર્થ : જે પુરુષને સ્વરૂપ સેવામાં અને અનોસરમાં ભગવદ્ કથામાં અથવા સેવામાં જ કે કથામાં જ આસક્તિ જીવન પર્યંત દ્દઢ થાય તે પુરુષનો કોઈ દેશમાં અથવા કોઈ કાલમાં પણ નાશ નથી એવો મારો મત છે.

વિવેચન : શ્રીમહાપ્રભુજી સ્વમત પ્રમાણે આજ્ઞા કરે છે કે મારા ભક્તે મેં પ્રકટ કરેલી રીત પ્રમાણે સેવા કરવી. અનોસરમાં પુષ્ટિસ્થ પ્રભુ કથા કરવી. આમ કરતાં ઉત્પાત થાય કે ઉપહાસ થાય કે ધિક્કાર મળે તો પણ ચલાયમાન ન થવું. આવી આસક્તિવાળા ભક્તનો અને તેના ભગવદ્ભાવનો નાશ આ લોક કે પરલોકમાં પણ થતો નથી.

બાધ સંભાવનાં યાં તુ, નૈકાન્તે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં, કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।

અર્થ : બાધા (મુશ્કેલી)ઓની સંભાવનામાં તો સેવા છોડી એકાંતમાં રહેવું યોગ્ય નથી. ભગવાન તો બધાથી રક્ષા કરશે એમાં સંશય નથી.

વિવેશન : એવા પ્રસંગો બને છે કે ઘરમાં કુટુંબીઓ જ સેવા કાર્યમાં બાધક બની જાય. આ પ્રતિકુળતા થઈ. ઘણીવાર લૌકિક ભોગમાં આસક્ત થવાય છે. શરીર અશક્ત બની જાય છે. આવી પરિસ્થિતિમાં એવું થાય કે ઘરમાં સેવા નથી બનતી તો ઘરનો ત્યાગ કરું, એકાંતમાં રહું, પ્રભુને યાદ કરું વગેરે વગેરે પણ આવું ન કરવું. પ્રતિબંધો સહન કરીને પણ ઘરમાં જ રહેવું. કારણ આપણા પ્રભુ પુષ્ટિસ્થ છે તે હરિ છે. આથી આપણા બધા પ્રતિબંધો, બાધાઓ અને મુશ્કેલીઓ અવશ્ય દૂર કરશે જ. સર્વ રીતે આપણી રક્ષા કરશે જ. તેમાં જરાય શંકા રાખવી નહીં. ઘરમાં સેવા સ્મરણ ચાલુ રાખવાં.

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં, ગૂઢ તત્ત્વં નિરુ પિતમ્ ।
ય એતત્ સમધીયેત, તસ્યાપિ સ્યાદ્ દૃઢારતિઃ ।।૧૧।।

અર્થ : આ બધું કહેલું ગૂઢ તત્ત્વ છે. ભગવાને કહેલ શાસ્ત્ર (શિક્ષણ)નું મેં નિરૂપણ કર્યું છે. જે પુરુષ એ સારી રીતે યાદ કરે તેને પણ પ્રભુમાં અચલ પ્રીતિ થાય.

વિવેચન : આ ગ્રંથની સમાપ્તિમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે અહીં મેં જે કહ્યું તે રહસ્યમય છે. અત્યંત ગૂઢ તત્ત્વ છે. આ પ્રકારનું તત્ત્વ શ્રીપ્રભુએ એ ગીતાજી, શ્રીભાગવત અને અન્ય ગ્રંથોમાં નિરૂપિત કર્યું છે. જે વ્યક્તિ આ કહેલ ગૂઢતત્ત્વને યાદ કરશે તેની પણ પ્રભુમાં અચલ પ્રીતિ થશે.

માત્ર યાદ કરતાં જ આ ગ્રંથ પ્રભુ પ્રીતિ કરાવે તો તેનું આચરણ કરતાં તો પ્રીતિની વૃદ્ધિ થઈ જ જાયને ? અવશ્ય થાય જ.

	લખાયેલા પુસ્તકો :	**ન્યોછાવર** (પોસ્ટેજ ખર્ચ અલગ)
(૧)	શ્રી ગોપીનાથજી	
(૨)	શ્રી પુરુષોત્તમજી લેખવાલા	અપ્રાપ્ય
(૩)	વિવેક ધૈર્યાશ્રય (ગુજરાત - અંગ્રેજી)	અપ્રાપ્ય
(૪)	કૃષ્ણાશ્રય	અપ્રાપ્ય
(૫)	સંપ્રદાય અને અધિકાર	૧૫/-
(૬)	રસોવૈસઃ	૧૫/-
(૭)	ભક્તિવર્ધિની	૧૫/-
(૮)	શ્રી ગુસાંઈજી પ્રકટ્યા ન હોત તો ?	૧૫/-
(૯)	ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું	૧૫/-
(૧૦)	અય મન કરલે સહન (સૂરદાસજી)	૧૦/-
(૧૧)	સિદ્ધાંત મુક્તાવલી	૧૦૦/-

વિશેષ નોંધ

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

शेष अंदर के प ो पर

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका